(M)

— COPY —


**THE GANDHIDHAM**
**CHAMBER OF COMMERCE & INDUSTRY**

(ESTD. 1953)

"CHAMBER BHAVAN", Plot No. 71, Sector 8, Post Box No. 58,
**GANDHIDHAM** - Kachchh - 370 201.
**Phone** : +91-02836-220977, 220735 • **Mobile** : 99250 37814 • **Fax** : 220888
**e-mail** : info@gccikandla.com • **Website** : www.gccikandla.com


No. GCCI / ૫૭૭

તા: ૨૩.૧૦.૨૦૧૮

| | | |
|---|---|---|
| શ્રી કાનજીભાઇ વેલજીભાઇ ભર્યા<br>પ્રમુખશ્રી,<br>ગાંધીધામ નગરપાલીકા, ગાંધીધામ | શ્રી નિતિનભાઈ બોડાત,<br>મુખ્ય અધિકારીશ્રી,<br>ગાંધીધામ નગરપાલીકા, ગાંધીધામ | શ્રી વિજયભાઈ મહેતા<br>ચેરમેન, કારોબારી કમીટી<br>ગાંધીધામ નગરપાલીકા, ગાંધીધામ |

<u>વિષય: સેક્ટર – ૮ વિસ્તારની સમસ્યાઓનાં નિરાકરણ સંદર્ભે</u>

માનનિયશ્રી,

સવિનય જણાવવાનું ગાંધીધામ શહેરનાં સેક્ટર – ૮ વિસ્તારમાં રોડનું સમારકામ કરવું, ગેરકાયદેસર દબાણો હટાવવા, બાવળોનું નિકંદન કરવું, સ્ટ્રીટ લાઇટની વ્યવસ્થા કરવી જેવી અનેક સમસ્યાઓનું નિરાકરણ લાવવું અત્યંત આવશ્યક છે.

આ વિસ્તારમાં આવેલ અનેક સરકારી કચેરીઓ, કોર્પોરેટ ઓફીસો, મોટા શોપીંગ મોલ, સિનેમા ગૃહ મોટા પ્રમાણમાં આવેલ છે અને હાલનાં સમયમાં શહેરની મુખ્ય બજાર પછી સૌથિ વધુ ડેવલોપ થતો એરીયા બની રહ્યો છે. હાલની આ અપૂરતી સુવિધાઓને લીધે કચેરીઓમાં આવતા કર્મચારીઓ, નાગરીકો અને વાહનવ્યવહારને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડી રહેલ છે. ગેરકાયદેસર દબાણને લીધે અનેક અસામાજીક પ્રવૃતિઓને પ્રોત્સાહન મળી રહ્યું છે. દિન-પ્રતિદિન બાવળનાં ઝાડો પણ વિકાસ પામી રહ્યા છે. આ બાવળોનું નિકંદન કરવું જરૂરી છે. રસ્તા ઉપરનાં ખાડાઓ અને અપૂરતી સ્ટ્રીટ લાઇટ વાહનવ્યવહાર અને રાહદારીઓ માટે અનેક મુશ્કેલીઓ સર્જે છે. આ સમસ્યાઓનું કાયમી ધોરણે નિરાકરણ અત્યંત જરૂરી છે.

આ સંદર્ભે અમારૂં સૂચન છે કે ગાંધીધામ ચેમ્બર માર્ગને RCC માર્ગમાં રૂપાંતરીત કરી માર્ગની બન્ને બાજુ પેવર બ્લોક નાખવા જોઇએ. ગાંધીધામ ચેમ્બર ખાતે અવાર- નવાર કાર્યક્રમો, બેઠકો, વિગેરે યોજાતા હોવાને લીધે આ માર્ગ ઉપર સમયાંતરે મહાનુભાવોની અવર – જવર પણ રહેતી હોય છે આથી આ માર્ગનું નવિનીકરણ કરવું અત્યંત જરૂરી છે.

ઉપરોક્ત હકિકતોને ધ્યાનમાં રાખતાં, અમારી વિનંતી છે સેકટર – ૮નાં ઉપર જણાવેલ મુદાઓનાં નિરાકરણ માટે તાત્કાલિક પગલાં ભરવામાં આવે જે આજનાં સમયની લોક લાગણી અને માંગણી છે.

આભાર...

આપનો વિશ્વાસુ,

AJoshi

આશિષ જોષી
માનદ્ મંત્રી

નકલ રવાનાં:શ્રીમતી માલતીબેન મહેશ્વરી, ધારાસભ્યશ્રી, ગાંધીધામ મત વિસ્તાર
શ્રી બળવંત ઠક્કર, શહેર પ્રમુખ, ભારતીય જનતા પાર્ટી, ગાંધીધામ